# ગીતાનો પ્રથમ અધ્યાય-અર્જુનનો વિષાદ

પ્રથમ અધ્યાયની વિશેષતા એ છે, કે સેનાઓના યોધ્ધાઓના પરિચય સાથે એમની માનસિક સ્થિતિનું સારી રીતે વિશ્લેષણ કરી દેવામાં આવ્યું છે. ત્યારબાદ અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને, કે જેઓ એના સારથી બનેલા છે, એમને કહે છે-''હે ભગવાન! મને બંન્ને સેનાઓ વચ્ચે લઈ જાવ.''

**सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत।**

રણમોરચે લાગેલા યુધ્ધની ઈચ્છા ધરાવનાર એ વિરોધી પક્ષના યોધ્ધાઓને જ્યાં સુધી હું સારી રીતે જોઈ ન લઉં, કે યુધ્ધરૂપી આ વ્યાપારમાં મારે કોની સાથે યુધ્ધ કરવું યોગ્ય છે, ત્યાં સુધી આ રથને બંન્ને સેનાઓ વચ્ચે ઉભો જ રાખો. (શ્લોક-૨૧)

વિષાદ પૂર્વેની આ સ્થિતિ છે, કે જ્યારે આરંભિક ટીકા અનુસાર દરેક પરિસ્થિતિમાં યોગ્ય વિચાર સાથે, સમતોલ ચિંતન કરવાની વાત કહેવામાં આવી હતી. આ આરંભિક સમીક્ષા પછી આપણે અર્જુનની માનસિક સ્થિતિ જોવાનો તથા અર્જુન અને દુર્યોધન બન્નેની તુલના કરવાનો પ્રયત્ન કરીએ, તો આપણાંને જાણ થશે કે આરંભમાં જ્યાં દુર્યોધને ભીષ્મપિતામહ અને ગુરુ દ્રોણાચાર્યને સેનાનું વર્ણન બતાવતા અર્જુનના સંદર્ભમાં વ્યંગ પણ કર્યો છે અને પરોક્ષ રીતે એ પણ કહેવાનો પ્રયત્ન કર્યો છે, કે અર્જુન ક્યાંક મમત્વવશ પોતાના શૌર્યને ભૂલાવી બેઠો તો નથીને. એની આ વૃત્તિના કારણે એનું શિષ્યત્વ જ નહીં મનુષ્યત્વ પણ જાગૃત થઈ રહ્યું નથી. પાંડવોમાં યુધ્ધિષ્ઠિર તો છે, પરંતુ તેઓ તો ધર્મરાજ છે-અકર્મણ્ય છે. અગર તેઓ ઈચ્છતા હોત તો મહાભારતનું યુધ્ધ ટાળી શકાયું હોત. દ્રૌપદી સાથે લગ્ન થઈ ગયા પછી પાંડવો પાછા ફર્યા ત્યારે ભીષ્મપિતામહે રાજાઓની સભા બોલાવી અને કહ્યું કે પાંડુ પુત્રોને રાજ્ય સોંપી દેવું જોઈએ.

ભીષ્મ પિતામહના આ વાક્યોનો કોઈ ઈન્કાર કરી શકે તેમ

ન હતું, ન તો કોઈ પડકાર ફેંકી શકે તેમ હતું. જ્યારે કોઈપણ પ્રકારે વિરોધ થઈ રહ્યો જ ન હતો, તો પણ યુધ્ધિષ્ઠિર સભાની વચ્ચે ઉભા થઈ ગયા અને કહેવા લાગ્યા કે અડધા રાજ્યના અધિકારી તો ધૃતરાષ્ટ્રના પુત્રો પણ છે, બસ એજ દિવસથી મહાભારતના યુધ્ધનું બીજારોપણ થઈ ગયું અને ઈતિહાસ લખી નાખવામાં આવ્યો. અહીં વ્યવહાર કુશળ, વિચાર કુશળ ન તો દુર્યોધન છે, કે ન તો યુધ્ધિષ્ઠિર છે. માત્ર અર્જુન જ એક એવો છે, કે જે બન્ને સેનાઓની વચ્ચે ઉભો થઈ યોગ્ય વિચાર કરવા માટે તત્પર બન્યો છે. જોવામાં આવે તો આ બધુ ભગવાનની યોજના અનુસાર જ છે. એમની ઈચ્છા વગર પાંદડું પણ ન હાલી શકે. આ જ કારણે એમણે અર્જુનને એના સગા સંબંધીઓ ની સામે લાવીને ઉભો કરી દીધો, એમની જ સમક્ષ દુર્યોધન હજી થોડીક ક્ષણો પહેલાં જ કટાક્ષભરી વાણીમાં ઘણું બધુ સંભળાવી ચુક્યો હતો.

સારથી યોગીરાજ શ્રીકૃષ્ણે બન્ને સેનાઓ વચ્ચે જેવો જ રથ લાવીને ઉભો કર્યો કે સામે જ ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય ઉભા હતા. ભીષ્મપિતામહને જોઈને જ અર્જુનને પોતાનું બાલ્યાવસ્થા યાદ આવી ગઈ. તેઓ અર્જુનના પિતામહ હતા. ક્યારેક અર્જુન તેમને પિતાજી કહે તો ત્યારે ભીષ્મ કહેતા હતા કે હું તારા પિતાનો પિતા છું. તારો દાદો છું. ત્યારે અર્જુન તેમને પિતામહ-દાદા કહેવા લાગ્યો. અર્જુનને આવો પ્રેમ કરનાર મમત્વ લુંટાવનાર દાદાના ખોળામાં બેસવાનું અને તેમની લાંબી દાઢી સાથે રમવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. હિમાલય જેવા ઉંચા વ્યક્તિત્વ ધરાવનાર ભીષ્મને પાંડવો કૌરવોને એકઠાં કરવા માટે સર્વસ્વ કુરબાન કરી નાખ્યું. સંપૂર્ણ જીવન સંઘર્ષમાં લગાવી દીધું. તેમના જ અપનત્વ મમત્વથી ભાવવિભોર અર્જુનને સંસ્મરણો રડાવા લાગ્યાં. સંસ્મરણો જ્યારે રડાવા લાગે ત્યારે આપણે વારંવાર આત્મચિંતનને વિવશ કરી દેવું જોઈએ અને એ માનવું જોઈએ કે આ મારી દોષ દુર્ગુણોના શોધનની ક્ષણો છે. આપણે જ્યારે પરમ પૂજ્ય ગુરુદેવ વંદનીય માતાજીના નિર્દેશોને યાદ કરીએ છીએ ત્યારે

તેમના અપનત્વ મમત્વને યાદ કરી આપણું મન રડવા લાગે છે ખરું? અગર હા તો એ શુભ લક્ષણ છે. અગર એ જ યાદ કરી આપણે પોતાનું સતત પરિશોધન કરતા રહીયે તો ગીતાનો આ ઉપદેશ સાર્થક થઈ શકે. શિષ્યત્વની જાગૃતિ માટે આ સ્થિતિમાં પહોંચવું ખૂબ અનિવાર્ય છે.

અર્જુને વિચાર્યું કે હું કોની જોડે લડી રહ્યો છું. આ જ દાદા કે જેમના ખોળામાં બેસી હું રમતો હતો, આ જ ગુરુદેવ કે જેમણે એકલવ્ય પાસેથી અંગૂઠો માંગી મને બાણાવળી બનાવ્યો. આટલું બધુ વિચારીને જ તેના મનમાં ઉંડો વિષાદ પેદા થાય છે. એડવિન એર્નાલ્ડે ‘લાઈટ ઓફ એશિયા’ નામનું એક પુસ્તક લખ્યું છે. જેમાં ગૌતમ બુધ્ધનું સિધ્ધાર્થમાંથી બુધ્ધ બનવા સુધીનું સંપૂર્ણ વર્ણન આપવામાં આવ્યું છે. સિધ્ધાર્થે પ્રથમવાર જ મૃત્યુ પામેલી વ્યક્તિની સાથે ચાલતા લોકોને રડતા જુએ છે, ત્યારે તેઓ પૂછી બેસે છે, કે તેઓ શા માટે રડી રહ્યા છે? ત્યારે સારથી જવાબ આપે છે, કે વ્યક્તિના સંસ્મરણો રડાવે છે. આ મૃત્યુ પામેલી વ્યક્તિ સાથે સંકળાયેલા સંસ્મરણો યાદ યાદ કરી સૌને રડવું આવી રહ્યું છે. ત્યારે સિધ્ધાર્થ કહે છે, કે આવા સંસ્મરણો સાથે રાખી રડતા રહી જીવન પસાર કરવાથી શો લાભ? શું કોઈએ જીવનમુક્તિ, બંધનમુક્તિની વાત વિચારી જ નહીં. અહીંથી જ તેમને આત્મબોધ થાય છે અને તેમનું પરિવર્તન થઈ જાય છે.

અર્જુન પણ સંસ્મરણોમાં ડુબી રહી રણમેદાનમાં બંન્ને સેનાઓ વચ્ચે ઉભો રહી ભીષ્મપિતાનું વાત્સલ્ય, દ્રોણાચાર્યનું શિક્ષણ, તેમના બલિદાન અંગે વિચારી રહ્યો છે. આ એજ દ્રોણ છે, જેમણે પોતાના પુત્ર અશ્વત્થામાને બ્રહ્માસ્ત્ર અપાવી માનસ પુત્ર અર્જુનને ધનુષ વિદ્યામાં પારંગત કરી બ્રહ્માસ્ત્રની સિધ્ધિ પ્રદાન કરી હતી. ભીષ્મ પિતા આખું જીવન કુંવારા રહ્યાં, જેમણે કઠોર સંયમનું પાલન કર્યું અને માત્ર પાંડુ પુત્રોને જ વાત્સલ્ય, છત્રછાયા આપતા રહ્યા. અર્જુનના સ્મૃતિ પટલ પર આ દૃશ્યો વારંવાર આવતા રહે છે. જેથી તે વ્યથિત થઈ જાય છે.

અહીં ગીતાના ૨૭મા શ્લોકના ઉતરાર્ધમાં તથા ૨૮ અને ૨૯માં

શ્લોકમાં વર્ણન આવે છે.

**तान्समीक्ष्य स कौन्तेयः सर्वान्बन्धूनवस्थितान् ॥ १/२७ ॥**
**कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत्।**
**दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ॥ १/२८ ॥**
**सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति।**
**वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥ १/२९ ॥**

અર્થાત્ ઉપસ્થિત રહેલા તમામ ભાઈઓને જોઈ કુંતીપુત્ર અર્જુન અત્યંત કરુણા યુક્ત બની શોક કરતા આ શબ્દો ઉચ્ચારે છે-''હે કૃષ્ણ, યુધ્ધના મેદાનમાં તત્પર, યુધ્ધ ઈચ્છનારા આ સ્વજનોના સમુદાયને જોઈ મારા અંગો શિથિલ બની રહ્યા છે અને મોઢું સુકાઈ રહ્યું છે અને મારા શરીરમાં હું ધ્રુજારી, કમકમાટી અનુભવી રહ્યો છું.''

વિષાદગ્રસ્ત બની વ્યાકુળ બની અર્જુનના મુખમાંથી એ શબ્દો પ્રગટે છે. અગર જો અર્જુન વ્યાકુળ ન થાત, તો એ પિશાચની શ્રેણીમાં આવતો અને નિષ્ઠુર, નિર્દયી કહેવાતો. એ મનુષ્ય છે, દેવમાનવ બનવા ઈચ્છે છે. શિષ્યત્વ જાગૃત કરી મહામાનવ બનવા ઈચ્છે છે. અર્જુન વિચારવાન છે અને વિચાર વિહોણી સ્થિતિમાં જતાં પહેલાંની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. વિચારહીન મનુષ્ય જ ક્યારેક પોતાના જીવનના ઉદ્દેશ અંગે વિચારી જ શકતો નથી, પરંતુ અર્જુન તો આ બધી જ પરિસ્થિતિઓથી પર છે, અર્થાત્ એનું વિવાદગ્રસ્ત હોવું સ્વાભાવિક છે.

અગામી શ્લોકમાં અર્જુન પોતાની સ્થિતિનું થોડું આગળ વર્ણન કરતાં કહે છે, કે હે કેશવ! મારા હાથમાંથી ગાંડીવ ધનુષ નીચે પડવા જઈ રહ્યું છે અને મારી ચામડી પણ ખૂબ બળી રહી છે તથા મારું મન ભ્રમિત જેવું બની રહ્યું છે. એટલા માટે હું ઉભા રહેવા માટે પણ સમર્થ નથી. હું હાવભાવને પણ વિપરિત જોઈ રહ્યો છું તથા યુધ્ધમાં સ્વજનોના સમૂહને મારીને કલ્યાણ પણ જોતો નથી. ન તો હું વિજય ઈચ્છું છું અને ન તો રાજ તથા ન તો સુખભોગ. મારે એવા રાજનું શું કામ છે, એવા

ભોગોથી તથા જીવનથી પણ શું લાભ છે? (શ્લોક-૩૦,૩૧,૩૨)

અર્જુનની આ સ્થિતિને મનોવિજ્ઞાનની કસોટી પર કસીએ છીએ તો એ ખૂબ જ વિલક્ષણ લાગે છે. કૌરવોનો વારંવાર માર ખાઈ, ધર્મરાજ યુધિષ્ઠિરની નીતિના કારણે, પાછળ હટતા રહેવાના કારણે અર્જુન યુધ્ધ આરંભ થાય તે પૂર્વ સુધી તો સંપૂર્ણ પરાક્રમ ભાવથી વાત કરતો જણાય છે, પરંતુ સગાઓને સામે જોઈ વ્યાકુળ થઈ ઉઠે છે. એટલા માટે સ્વધર્મને ભૂલી વિલાપ કરવા લાગે છે. આવી સ્થિતિ તો આપણાં સૌના જીવનમાં પણ આવતી રહી છે. ગુરુજીએ આપણાંને વારંવાર પ્રતિકુળતાઓ સામે ઉભા રાખી એમનું મહાભારત રચી સ્વધર્મની યાદ અપાવતા રહ્યા છે, પરંતુ આપણે વિચારીએ છીએ કે અમો લોકસેવા કરવા આવ્યા હતા, પરંતુ મારે આ શું કરવું પડી રહ્યું છે. અનીતિ સામે લડવું પડી રહ્યું છે. ઠેરઠેર વિરોધ સહન કરવો પડી રહ્યો છે. આ જ મહાભારત છે. આપણે કોઈ પણ પરિસ્થિતિમાં પાછળ હટવાનું નથી.

અર્જુનને આપણે પરમપૂજ્ય ગુરુદેવની કલમે એક આદર્શ રૂપે, એક કાર્યકર્તા, એક લોકસેવક રૂપે જોઈએ છીએ. એમણે ઠેરઠેર અર્જુનને એક પાત્ર બનાવી આપણાં સૌને લક્ષ્ય બનાવી લખ્યું છે. આજે જે પ્રજ્ઞાઅભિયાન સમાચાર પેપર રૂપે નિકળે છે, એ ૧૯૮૦-૮૧ સુધીમાં માસિક રૂપે છપાતું-પ્રકાશિત થતું રહેતું હતું. એનો ૧૯૮૧નો ઓક્ટોમ્બર-નવેમ્બર માસનો અંક સંયુક્ત અંક રૂપે પ્રગટ થયો હતો. એમાં ગુરુદેવે લખ્યું છે, કે ''ગીતાના કૃષ્ણ અને અર્જુનનો સંવાદ દ્વાપર યુગમાં થયો હતો. પરંતુ પરિસ્થિતિઓ ને જોતાં એ આજ માટે પણ એટલો ઉપયોગી છે, કે જેટલો એ દિવસોમાં અસરકારક સાબિત થયો હતો. પરિસ્થિતિઓ આજે પણ એટલી જ વિકટ છે,કે જેટલી એ દિવસોમાં હતી. ભગવાન આ સામંતશાહી અનાચારથી વેરવિખેર થયેલા સમાજને ન કેવળ એક મુખ્ય સત્તા અંતર્ગત લાવવા ઈચ્છતા હતા, પરંતુ તેઓ ભારતને મહાભારત વિશાળ ભારત બનાવવા ઈચ્છતા હતા. આ કાર્ય માટે એમણે ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રમાં ન કેવળ

યુધ્ધ રચાવ્યું, પરંતુ વિચાર વિનિમય ધ્વારા રચનાત્મક નિર્ણય માટે એક વિશાળ મહાભારત રૂપી રાજસૂર્ય યજ્ઞની વ્યવસ્થા પણ કરી. આ કાર્ય માટે ભગવાનને એક યોગ્ય શક્તિશાળી સહયોગીની જરૂરિયાત હતી. એને માટે તેમને એક જ પાત્ર યોગ્ય દેખાયું, એ હતો અર્જુન. પરંતુ અર્જુન ન તો સલાહની સાથે સમાયેલ દૂરગામી યશ અને શ્રેષ્ઠ પરિણામોને સમજી શકતો હતો અને ન તો એની સાથે જોડાયેલ પ્રગાઢ આત્મીયતાજન્ય સિધ્ધિઓની કલ્પના કરી શકતો હતો. એના મગજમાં તો સંકુચિત સીમાબંધન જ છવાયેલું હતું. એટલા માટે એ અંગત તથા તાત્કાલિક લાભ નુકશાનની આવક જાવક સામે રાખી એ મહાન જવાબદારીથી ઈન્કાર કરી રહ્યો હતો, કે જેમાં તાત્કાલિક લાભ ઓછો ઉપરાંત એ સંદિગ્ધ પણ જણાતો હતો. જીવનના દિવસો પસાર કરવા માટે એને કોઈપણ પ્રકાર પ્રકારે પેટ ભરી લેવાની વાત સિવાય બીજું કંઈપણ દેખાતું ન હતું. ભગવાને અર્જુનના મનની નિર્બળતા સમજી અને એના તર્કોને આદર્શવાદી નિષ્કર્ષના આધારે કાપ્યા.''

અર્જુનની વિષાદગ્રસ્ત સ્થિતિ એક એવી વ્યક્તિનું પ્રતીક છે, કે જેની અંદર શિષ્યત્વ પ્રગટ થતું નથી, કારણ કે એને શ્રીકૃષ્ણ ગુરુરૂપે ક્યારે પણ દેખાયા નહીં. નજીક હોવું જ નહીં, પરંતુ ગુરુની ગુરુતાને સમજી પોતાની અંદરની જડતાને તોડવી ખૂબ જરૂરી છે. ગુરુ જ વિષાદ મનની જડતાને તોડે છે. જન્મોજન્મના કુસંસ્કારોને રગડી રગડી ધોવે છે. શ્રી અરવિંદે લખ્યું પણ છે, કે ક્યારેક ક્યારેક જીવાત્મા સ્વયંને જાગૃતિની સ્થિતિમાં લાવવા માટે વિષાદની સ્થિતિ પેદા કરે છે. સંભવ છે, કે આજ સ્થિતિ અર્જુનની પણ પેદા થઈ હોય.

ક્યારેક આપણાં સૌની અંદર પણ આ સ્થિતિ પેદા થઈ જાય છે, કે આ બધુ અમો શા માટે કરીએ. ક્રાંતિનું કાર્ય, વિચાર ક્રાંતિનું કાર્ય કરવાનું છે, તો એમાં અમો શા માટે સીધા મોરચા પર લાગી જઈએ. આપણે એ સમજી શકતા નથી કે આપણે નિમિત્ત માત્ર છીએ અને જે પણ કામ થવાનું છે એને કરવામાં આપણે તો જ માત્ર યુગધર્મ જ નિભાવી રહ્યા છીએ. અગર અર્જુનની જેમ જ આપણી અંદર રહેલી

જડતાને પણ જો તોડી શકાય તો જ વિષાદ ધ્વારા, આત્મસંતાપ ધ્વારા આપણી અંદર સાચું શિષ્યત્વ પ્રગટીને આગળ આવી શકે છે. મેડિકલ સાયન્સ પણ આ જ કહે છે, કે ક્યારેક ક્યારેક રડી લેવું સારું છે. પોતાની આત્મહીનતા-દીનતા પર વિચારી લેવું, કંઈક વિચાર કરી લેવો વધુ શ્રેષ્ઠ છે. પરંતુ આ પ્રક્રિયા અગર વ્યાકુળતા ન બને અને આપણાંને સુપાત્ર બનાવી હતાશામાં ડૂબેલા આપણાં જેવા શિષ્યોને આનંદિત માનસિક સ્થિતિમાં બેઠેલા ગુરુ સાથે મેળવી આપે, તો જ એ સાર્થક છે. આપણી વિષાદભરી માનસિક સ્થિતિમાં જ આનંદ મગ્ન સ્થિતિમાં બેઠેલા ગુરુ સાંભળે છે.

અર્જુન પ્રથમ અધ્યાયના ત્રેત્રીસમા શ્લોકથી લઈ સેતાલીસમાં શ્લોક સુધી એક જ વાત કહી રહ્યો છે. મારે એવા રાજ સાથે શું લેવું દેવું, એવા ભોગો સાથે મારે શું  સંબંધ અને જીવન જીવવાથી શું લાભ? એ પોતાની વિષાદગ્રસ્ત સ્થિતિનો જાતે જ તર્ક રજુ કરી રહ્યો છે અને એ શ્રીકૃષ્ણને કંઈપણ બોલવાની તક જ આપતો નથી અને એ પણ કહે છે, કે મને ત્રિલોક (ત્રણે લોક)નું સુખ મળી જાય, તો પણ હું એમને મારવા માંગતો નથી. **अपि त्रैलोक्यराज्यस्य हेतोः किं नु महीकृते।** કોણ સાંભળી રહ્યું છે, સ્વયં વાસુદેવ શ્રીકૃષ્ણ, અર્જુન એ જાણતો હોવા છતાં કુળના નાશથી લઈ સ્ત્રીઓના પતનની ,જાતિ ધર્મ કુળનો નાશ થવાની, નરકમાં વાસ થવા સુધીની શાસ્ત્ર સંમત વાતો એ કહેતો જઈ રહ્યો છે. અગર મારા જેવા શસ્ત્ર વિહોણાને ધૃતરાષ્ટ્રના પુત્રો મારી નાખે તો એ વધારે કલ્યાણકારી છે. ભિક્ષા માંગી નિભાવ કરવા માટે તૈયાર અર્જુનના મનમાં વિષાદની પરાકાષ્ઠા ધરાવતો આ વૈરાગ્ય આવ્યો ક્યાંથી?

શ્રીરામકૃષ્ણ પરમહંસ ત્રણ પ્રકારનો વૈરાગ્ય ગણાવે છે. એક સાચો, એક સ્મશાન વૈરાગ્ય, એક મૃત્યુ પછીનો વૈરાગ્ય. મરીને વૈરાગ્ય સામયિક હોય છે. જ્યારે સ્મશાનનો વૈરાગ્ય સ્મશાન સુધી જ મર્યાદિત રહે છે. ચિતા સળગતા જ દુનિયાદારીની વાતો ચાલૂ થઈ જાય છે. અર્જુનનો વૈરાગ્ય પણ સામયિક છે. લડાઈના મેદાનમાં ઉભો

છે અને વાતો સિધ્ધાંતોની કરી રહ્યો છે. શ્રીકૃષ્ણ આ વાત જાણે છે, એટલે આનંદિત મનથી સાંભળી રહ્યા છે અને બીજા અધ્યાયમાં એને ધમકાવવા તૈયાર છે. અગર આપણે અર્જુનની માનસિક સ્થિતિ જોઈશું તો તેમાં આપણાંને વિષાદની વચ્ચે ક્રાંતિ પેદા થતી દેખાશે. આ સ્થિતિનું વિવેચન જયાપાલ સાર્ત્રે ખૂબ જ સુંદર રીતે કર્યું છે. તેઓ અસ્તિત્વવાદી હતા. એમણે લખ્યું છે-''હ્યુમેનિટી ઈઝ કન્ડેક્ટડ ટૂ બી ફ્રી''(માનવતાને કોઈ પણ સ્થિતિમાં સ્વતંત્ર બનવાનું જ છે.) અસ્તિત્વવાદીઓ પાસે શ્રીકૃષ્ણ ન હતા, એટલા માટે પશ્ચિમ પ્રગતિ ન કરી શક્યું. એમનો દર્શનનો વિષય અવિકસિત જ રહ્યો. આ સ્વતંત્રતા માટે કોઈ શ્રીકૃષ્ણની-અર્જુનની જરૂરિયાત ઉદ્‌ભવે છે. ગીતામાં એ પૂરી થઈ છે.

અર્જુન સ્વજન, પરિજન અને પરાયાજન ત્રણે વચ્ચે અંતર રાખવામાં અસમર્થ છે. એટલા માટે એ વિષાદની હતાશાની પરાકાષ્ઠા પર પહોંચી એક જાતે નક્કી કરેલો નિર્ણય લઈ લે છે, કે હું યુધ્ધ નહીં કરું. જ્યાં સુધી શિષ્ય સમર્પિત થતો નથી, જાતે નિર્ણય લેતો રહે છે, ત્યાં સુધી પોતાની વાતને સો ટકા સાચી માને છે. અર્જુન સ્વજનોની વ્યાખ્યા કરતાં વારંવાર પોતાના મોહને તથા પોતાના કહેવાતા શાસ્ત્રજ્ઞાનને વચ્ચે લાવી રહ્યો છે. જ્યાં સુધી આ મોહ તથા જ્ઞાન ગળશે નહીં, ત્યાં સુધી શિષ્યત્વ પેદા નહીં થાય. અર્જુન દ્વારા ગાંડીવનો ત્યાગ કરવો તથા રથની પાછળના ભાગમાં બેસી જવું એ કંઈ નથી, પરંતુ એ ભાગેડુ વૃત્તિ છે. એ કેવી રીતે બન્યું કે એક વીર પરંતુ ભાવનાશાળી વ્યક્તિ મોહગ્રસ્ત બની ગઈ. વિચારહીનતા, મોહગ્રસતા અકર્મણ્યતા આ ત્રણે શિષ્યત્વના માર્ગમાં અવરોધ રૂપ છે. મોહ કરવો જ હોય તો શ્રેષ્ઠતા સાથે, આદર્શો સાથે કરવો જોઈએ ન કે કહેવાતા મરેલા સ્વજનો માટે. નીતિ તથા ધર્મનો મોહ રાખવો જોઈએ. અગર આપણે ગીતાના પ્રથમ અધ્યાયનો આ મર્મ સમજવાનો પ્રયત્ન કરીએ તો આપણાંને જાણ થશે કે તમામ સત્ય એક જ વાતમાં છુપાયેલું છે-આપણે સમર્પિત કર્મઠ જ્ઞાની બનીએ. એમાં ત્રણે યોગ છુપાયેલા છે. કોરું જ્ઞાન તો અર્જુને પ્રથમ અધ્યાયમાં જ વધારી દીધું છે, પરંતુ એમાં તો તર્ક છે- એ અકર્મણ્યતાનું પ્રતીક છે અને એ સમર્પણથી માઈલો

દૂર છે.

પરમ પૂજ્ય ગુરુદેવે કહ્યું છે, કે તમારે અર્જુન બની યશ લેવો હોય તો લાગી જાવ કામમાં. તમે નહીં કરો તો બીજું કોઈ કરી લેશે. અગર આપણે કામ નહીં કરીએ તો શું આટલું વિરાટ દૈવી અભિયાન આગળ નહીં વધે? હા કામ તો વધશે,પરંતુ આપણે અર્જુન બનવાનું ચૂકી જઈશું. ૧૯૮૨ની એપ્રીલ માસની અખંડ જ્યોતિમાં પરમ પૂજ્ય ગુરુદેવ લખે છે, કે ''આત્માનું વજન ભારે, જવાબદારીઓ મોટી, ઈશ્વરની અપેક્ષા ઉંચી, સમયની ગરિમા અનુપમ. આટલું હોવા છતાં પણ એ શુદ્રતા કેવી, કે જે અગ્રદૂતોની ભૂમિકા નિભાવવામાં જે અવરોધ બની ઉભી રહી ગઈ છે. સમર્થને અસમર્થ બનાવનાર એ મોહ આખરે તો ભવબંધન છે? કુસંસ્કાર છે? નરક છે? યાતો કરોળિયાના જાળા છે? એ યોગ્ય રીતે સમજમાં આવતું નથી. આ સમય પરાક્રમનો અને પૌરુષત્વનો છે, શૌર્ય અને સાહસનો છે, આ વિષમ ક્ષણોમાં યુગના અર્જુનના હાથમાંથી ગાંડીવ શા માટે છટકી જઈ રહ્યું છે? એમના મોઢા શા માટે સુકાઈ રહ્યા છે. પરસેવો શા માટે છૂટી રહ્યો છે? આદર્શવાદ, સિધ્ધાંતવાદ એ કોઈ શું નાટક જેવું કોઈ પ્રહસન છે. કોઈ મનોરંજન છે- ભગવાન શ્રીકૃષ્ણ ઉશ્કેરાઈ ગયા હતા.''

અગામી 'સાંખ્યયોગ' નામના બીજા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણનો ગુસ્સો અર્જુન પર ઠલવવાથી લઈ એના શિષ્યત્વના જાગરણની પ્રક્રિયા વાંચ્યા પહેલા એ સમજી લો કે શ્રીકૃષ્ણ જોઈ રહ્યા છે, કે અર્જુનને જે શંકા પેદા થઈ છે એ સાચા મનથી, વેદનાથી, વ્યાકુળતાની સ્થિતિમાં પેદા થઈ છે. આત્મ સંતાપથી જ આત્મવ્યાકુળતા પેદા થઈ છે. આ શિષ્યત્વના વિકાસ થવાનો, ગુરુનો પેદા થવાનો સમય છે. આજનો સમય અસાધારણ સમય છે. આપણાં સૌને એ માર્ગદર્શનની અપેક્ષા છે, જે ક્યારેક આ યુગના અર્જુનને, એના ભગવાન ગુરુ શ્રીકૃષ્ણ પાસેથી મેળવ્યુ હતું. આજે પણ આપણે એને યુગગીતાના દૃષ્ટિકોણથી પ્રાપ્ત કરી શકીએ.

# સદ્‌ગુરુના રૂપમાં ભગવાનનું વરણ

બીજા અધ્યાયની શરૂઆત જ શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનને ઠપકો આપવા સાથે આરંભ થાય છે. તેઓ કહે છે, કે

**कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम्।**
**अनायजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन॥ २/२॥**
**क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते**
**क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परन्तप॥२/३॥**

અર્થાત્ ''હે અર્જુન! તને આ કસમયે આ મોહ કયા હેતુસર પેદા થયો? કારણ કે એ ન તો શ્રેષ્ઠ પુરુષો દ્વારા આચરિત છે, ન તો એ સ્વર્ગ આપનાર છે, ન તો એ કીર્તિ આપનાર છે. એટલા માટે હે અર્જુન! નપુંસકના બન. તારામાં એ યોગ્ય જણાતું નથી. હે પરંતપ! હૃદયની તુચ્છ દુર્બળતાને ત્યાગી યુધ્ધ માટે ઉભો થઈ જા. ''

એ સમજવા જેવી વાત છે, કે ભગવાને આ ગીતારૂપી ઉપનિષદમાં પ્રથમવાર અહીંથી આ બે શ્લોકના માધ્યમ દ્વારા પોતાના બોલવાનો આરંભ કરે છે. એના પહેલાં અર્જુનના કહેવાથી એમણે રથને બન્ને સેનાઓની વચ્ચે લઈ જઈને માત્ર ઉભો કરી દીધો હતો. બન્ને શ્લોકો ખૂબ જ ચોટદાર છે. કોઈપણ યોધ્ધા માટે આ શબ્દો તીરની જેમ ભોંકાઈ જાય એવા છે. બાયલો, કાયર, નપુંસક કહેવાવવું કોઈપણ વીર યોધ્ધાને સહન થઈ શકતું નથી. અર્જુનના પૌરુષત્વને પડકાર ફેંકતા એને ઉશ્કેરવા માટે ભગવાન શ્રીકૃષ્ણ એને સૌથી મોટો ફટકાર લગાવતા ઠપકો આપે છે. અર્જુન સમાન જાગૃત આત્મા કોટિની વ્યક્તિને તમસ તરફ જતી જોઈ પરમાત્માની શક્તિ વ્યાકુળ થઈ ઉઠે છે. તેઓ અર્જુનને શ્રેષ્ઠ પુરુષોના આચરણના વિષયમાં યાદ અપાવે છે અને એના વર્તમાન વ્યવહારને અપકીર્તિ તરફ લઈ જનાર બતાવે છે. આ રીતે તેઓ પોતાના સખા, મિત્ર અર્જુનને અંદરથી બહાર સુધી હચમચાવી નાખે છે.

ઉપરોક્ત બન્ને શ્લોકના જવાબમાં અર્જુન ફરી તર્ક રજુ કરે છે અને ચોથાથી છઠ્ઠા શ્લોકમાં ફરી ભીષ્મપિતામહ તથા ગુરુ દ્રોણાચાર્યના ગુણગાન ગાતા સ્વયંને રણમેદાનમાં યુધ્ધ કરતો બચાવવા ઈચ્છે છે. સાતમા શ્લોકમાં પોતાના આરાધ્યના હાથમાં પોતાનું સર્વસ્વ સોંપી શિષ્યત્વ પ્રાપ્ત

કરી લે છે. અર્જુને આ ચાર શ્લોકના આરંભમાં ભીષ્મપિતા તથા દ્રોણાચાર્યના નામનો ઉપયોગ ઢાલરૂપે જ કર્યો છે. એ કહે છે, કે ''તેઓ બન્ને પૂજનીય છે. રણમેદાનમાં ભીષ્મપિતા તથા દ્રોણાચાર્યની વિરૂધ્ધમાં હું કેવી રીતે લડું? અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને કહે છે, કે 'આપ જ્ઞાની છો, મહાપુરુષ છો, અમોને આપની ગાળ સુધ્ધા સ્વીકાર્ય છે, પરંતુ હું મારા સ્વજોને મારી શકુ તેમ નથી.'' આ સમયે અર્જુનના મનમાં માનસિક દ્વંદ્વ ચાલી રહ્યું હતું. એક તરફ ગુરુજનો પ્રત્યે મોહ છે અને બીજી તરફ શ્રીકૃષ્ણનો ફટકાર તથા યુધ્ધનું આવાહન છે. કહે છે, કે ''આ મહાપુરુષને, ગુરુજનોને ન મારતાં હું આ લોકમાં ભિક્ષા માંગી ખાવી કલ્યાણકારક સમજું છું, કારણ કે ગુરુજનોને મારીને આ લોકમાં તેમના રુધિરથી ખરડાયેલ ધન અને કામ રૂપી ભોગને જ ભોગવીશ.'' (અધ્યાય-૨ શ્લોક-૫)

એના તમામ તર્કો એ પરાકાષ્ઠા સુધી પહોંચી ગયા છે, કે એ ભિક્ષાનું અન્ન ખાવાની વાત કહેવા લાગે છે. યુધ્ધના કારણે રક્તથી ખરડાયેલ પદાર્થોવાળી વાત કહી ભગવાન શ્રીકૃષ્ણને એ એટલી જ ઉત્તેજક ભાષામાં જવાબ આપવાનો પ્રયત્ન કરી રહ્યો છે, જેટલો એમણે અર્જુનને ઉશ્કેરવા કઠોર ફટકાર લગાવી જે એને આરંભમાં કહ્યું હતું. એ પણ કહી દે છે, કે ''હું એ પણ જાણતો નથી મારા માટે યુધ્ધ કરવું, કે ન કરવું કયું શ્રેષ્ઠ છે અથવા એ પણ જાણતો નથી, કે એમની ઉપર અમો વિજય મેળવીશું કે તેઓ અમારી ઉપર વિજય મેળવશે અને જેમને મારી હું જીવવા પણ માંગતો નથી. તેઓ જ મારા આત્મીય ધૃતરાષ્ટ્રના પુત્રો છે, કે જેઓ મારો સામનો કરવા સામે ઉભા છે. (શ્લોક-૬ અધ્યાય-૨)''

અર્જુનની આ માનસિક સ્થિતિ સમજવા યોગ્ય છે. એ સિધ્ધાંતોની ભાષા બોલી રહ્યો છે,કે ગુરુને મારવા યોગ્ય વાત નથી. એ પણ યોગેશ્વર શ્રીકૃષ્ણને એ સમજાવી રહ્યો છે. એ પંડિતો જેવી વાત કહી રહ્યો છે. પરંતુ એનું આચરણ પંડિતો જેવું નથી. મોહમાં જ તમોગુણની પરાકાષ્ઠા હોય છે. પરમ પૂજ્ય ગુરુદેવે મોહનું અંતિમ સ્વરૂપ દર્શાવ્યું છે. એ છે, નિંદ્રા. સમગ્ર દુનિયાને છોડી સૂઈ જાવ. આળસ, પ્રમાદ અને મોહનિંદ્રા તમામ એક જ દુર્ગુણના વિવિધ સ્વરૂપો છે. જે અર્જુનને નિંદ્રા જીતનાર કહે છે-'ગુડાકેશ' જેનો શાબ્દિક અર્થ પણ આ જ છે (ગુડાક અર્થાત્ નિંદ્રા, ઈશ અર્થાત સ્વામી-નિંદ્રાનો સ્વામી) એજ અર્જુન સ્વયં મોહનિંદ્રામાં ચાલ્યો ગયો છે. પરમ પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે ''જ્યારે હું જાગૃત આત્માઓને મોહનિંદ્રામાં

ડૂબેલા જોવું છું. ત્યારે એમની ઉપર દયા આવે છે તથા ગુસ્સો પણ આવે છે. આખું જીવન પુત્રો પપોત્રો સાથે રમતા રહેવું, સ્વયંને કૌટુંબિક વાડામાં બાંધી રાખવો અને સમાજના વિષયમાં કંઈપણ ન વિચારવું એ આજના યુગની સૌથી મોટી વિટંબણા છે.'' અગર ઉપરોક્ત ચિંતનને યુગધર્મના દૃષ્ટિકોણથી અર્જુન પર લાગૂ કરીએ તો લાગે છે, કે આ સમયે એની સ્થિતિ આ જ છે. પરંતુ આ જ સ્થિતિ એને ક્રમબધ્ધ રીતે સમર્પણની સ્થિતિમાં લઈ જાય છે. ગીતાના આ અધ્યાયના સાતમા શ્લોકમાં જ એ કહી ઉઠે છે.

**कार्पण्यदोषोपहतस्वभावः**
**पृच्छामि त्वां धर्मसम्मूढचेताः ।**
**यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे**
**शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्॥ २/७॥**

અર્થાત કાયરતા રૂપી દોષથી પિડાતા સ્વભાવ વાળા તથા ધર્મના વિષયમાં મોહ પામેલ હું આપને પુછું છું કે ''જે સાધન નિશ્ચિત કલ્યાણકારી હોય એ મારા માટે બતાવો, કારણ કે હું આપનો શિષ્ય છું. એટલા માટે આપના શરણમાં આવ્યો છું આપ મને બોધ આપો.''

ગુરુ તથા શિષ્યના સંવાદ રૂપે સાચી ગીતા અહીંથી જ આરંભ થાય છે. પ્રથમ વાર જ અર્જુનના મુખમાંથી નિકળે છે-'शिष्यस्तेहं' હું આપનો શિષ્ય છું. શિષ્ય માટે આ સ્થિતિ બનવી એ કલ્યાણકારી ક્ષણો આવવા સમાન છે. જ્યાં સુધી આ સ્થિતિ આવતી નથી, ત્યાં સુધી શિષ્ય પોતાના અહંકારમાં ડૂબેલો બેસી રહી પોતાની પ્રતિભા પર મંત્રમુગ્ધ થતો રહે છે. હું ભણેલો ગણેલો છું, હું દાનવીર છું, ગુરુ માટે આટલું દાન આપ્યું. હું જીવન દાની છું. આ જ વાતો અહંકારને જન્મ આપે છે. જ્યારે આ બધુ ભૂલી એ વાત મનમાં આવે છે, કે ''હું આપનો શિષ્ય છું. આપના શરણમાં આવ્યો છું, મારા માટે જે કલ્યાણકારી છે એ જ જ્ઞાન મને આપો. તો ગુરુ જીવિત શરીર સાથે હોય કે ન હોય, પરંતુ એ સૂક્ષ્મ જગતમાંથી પણ આ પ્રકારની પ્રેરણા મોકલે છે, જે નિશ્ચિત કલ્યાણકારી જ હોય છે અને એનું સાચું માર્ગદર્શન પણ કરે છે.''

એવું કહેવામાં આવે છે, કે સાચી ગીતા બીજા અધ્યાયના અગિયારમાં શ્લોકથી જ આરંભ થાય છે; કારણ કે ભગવાન શ્રીકૃષ્ણ

અહીંથી જ ગુરુભાવે ગીતા સંભળાવે છે. ગુરુભાવે યોગસ્થ બની તેઓ અર્જુનરૂપી શિષ્યને, જે હું કે તમો કોઈપણ હોઈ શકીએ, તેઓને સાંખ્યયોગનું જ્ઞાન આપે છે. સાંખ્યનો અર્થ થાય છે-''જ્ઞાનનો સિધ્ધાંત પ્રધાન પક્ષ, જે વ્યવહારમાં લાવવાનું શિક્ષણ આપનાર યોગ છે.'' સાંખ્યયોગના વિષયમાં અનેક લોકોની ભ્રાંતિયુક્ત માન્યતાઓ છે, કે એ સંન્યાસીઓ માટે, વૈરાગીઓ માટે છે. પરંતુ વાસ્તવિકતા એ છે, કે એ જીવન વિજ્ઞાનનો આધાર સ્તંભ છે. યોગની ઈમારત જ સાંખ્યયોગ પર ઉભી કરવામાં આવી છે. સાંખ્યયોગ એ દર્શાવે છે, કે આપણે પોતાની અંદરની સંપદાને કેવી રીતે જાગૃત કરવી જોઈએ. કેવી રીતે ઈશ્વરના સાચા સ્વરૂપને સમજી એના અસ્તિત્વનો સ્વીકાર કરવો જોઈએ અને કેવી રીતે સામાન્ય જીવન જીવતા જ આપણે સ્થિતપ્રજ્ઞની જેમ, પરમહંસની જેમ જીવન વિતાવી શકીએ. આ યોગ કોઈપણ ઉંમર ધરાવતી દરેક વ્યક્તિ અર્થાત્ યુવાન, વિદ્યાર્થી, ઘરનું કામ સંભાળતી સ્ત્રી, સદ્ગૃહસ્થ, જિજ્ઞાસુ સાધક સૌ કોઈ પર લાગૂ પડે છે. આ કારણે જ ગીતામાં આ અધ્યાયનું ખૂબ જ મહાત્મ્ય બતાવવામાં આવ્યું છે.

અહીં આ પ્રસંગ ગુરુ અને શિષ્યની વચ્ચે હોવાથી સાથે સાથે પ્રથમ વાર્તાલાપની દૃષ્ટિએ પણ એ ખૂબ મહત્વનો છે. દરેક ગુરુ પોતાના શિષ્યને ત્રણ જ વાત બતાવી શકે છે. પ્રથમ કર્તવ્ય શું છે, બીજી કર્તવ્ય કરતાં ઈશ્વરમાં વિલય પામવું યશકારક છે. ત્રીજી પોતાનો દાખલો રજુ કરી ગુરુ એ બતાવે છે, કે એક આદર્શ વ્યક્તિનું સ્વરૂપ કેવું હોય છે- સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ કેવી હોય છે. એને આ રીતે પણ વિભાજિત કરી શકીએ.

**(૧) શરીરથી પર રહેલ આત્માનું ભાન-**(જેનું બારમાં શ્લોકમાં વર્ણન કરવામાં આવ્યું છે.) કરતાં એ જાણવાનું છે, કે કર્તવ્ય શું છે. શરીરથી પર ચાલી આપણે આત્માને સમજવાનો પ્રયત્ન કરીએ.

**(૨) શરીર ધ્વારા સ્વધર્મ આચરણ-**કર્તવ્ય કરી એની પાર જવું. કામ કરતાં નૈષ્કર્મણ્યતાની સ્થિતિમાં જવું. એનું વર્ણન એકત્રીસમાં શ્લોકમાં અને ત્યારબાદ પણ આવ્યું છે.

**(૩) સ્થિતપ્રજ્ઞની વ્યાખ્યા-**જે આત્માને ઓળખી લે છે, એનાથી ઉપર પહોંચી જાય છે અને એનું જીવન કેવું હોય છે. અહીં ભગવાન

પંચાવનમાં શ્લોકથી અંત સુધી સ્થિતપ્રજ્ઞના લક્ષણો બતાવ્યા છે.

આ રીતે આ ત્રણ વિભાજનમાં અર્જુન રૂપી શિષ્યને ગુરુ શ્રીકૃષ્ણનો એ ઉપદેશ છે, કે જે યુગો, યુગોથી માનવ સમુદાયને-જિજ્ઞાસુ સાધકોને માર્ગદર્શન આપતો રહ્યો છે.

અર્જુનનો એ ધર્મ નથી કે ભીક્ષા માંગી નિર્વાહ કરી લે. અર્જુન છુપાવેશે રહ્યો હોવા છતાં એણે મહેનત જ કરી છે, પરંતુ ભિક્ષા માંગી નથી. એનું સમગ્ર જીવન એક યોધ્ધા રૂપે પસાર થયું છે. ક્ષત્રિય ધર્મનું પાલન કરનારી અર્જુન જેવી વ્યક્તિ અગર ભીક્ષા માંગી જીવવાની વાત કહે છે, એવી સ્થિતિમાં અર્જુનને ઠપકો અને સાંખ્યયોગ રૂપે વાસ્તવિકતાનું, સ્વધર્મના આચરણનું તથા શરીરમાં રહેલ આત્માની અનુભૂતિનું જ્ઞાન માત્ર યોગેશ્વર શ્રીકૃષ્ણ જ આપી શકે. અહીં અર્જુનને શિષ્ય રૂપે સમજતા ભગવાન શ્રીકૃષ્ણની સ્થિતિ સમજવી ખૂબ જરૂરી છે. ભગવાન સ્વયં અહીં ગુરુરૂપે હાજર છે. **''સ્વયં ભગવાન હમારે ગુરુ પરમ સૌભાગ્ય હમારા હૈ''** આ ગીત આપણે અનેક વાર ગણગણતા હોઈએ છીએ. અગર એને આજની સ્થિતિમાં પોતાના જીવન પર લાગૂ કરી જોઈએ તો ગીતાનો આ પ્રસંગ સારી રીતે સમજમાં આવી શકશે. ચમત્કારી વ્યક્તિનો ગુરુરૂપે તો લોકો સ્વીકાર કરી લે છે, પરંતુ જેણે સદ્‌ગુરુ રૂપે, ભગવાન રૂપે સ્વીકાર કર્યા છે, એવા લોકો ગણ્યા ગાંઠ્યા છે. અર્જુનના જીવનની આ સૌથી મોટી ઘટના છે, એ ભગવાનને 'शिष्यस्तेऽहं शोधि मां त्वां प्रपन्नम'ના રૂપે, સદ્‌ગુરુરૂપે સ્વીકાર કરી લે છે તથા એ કહે છે કે ''કારણ કે હું આપનો શિષ્ય છું, એટલા માટે શરણે આવેલ મને જ્ઞાન આપો.''

પરમ પૂજ્ય ગુરુદેવના જીવનમાં પણ આવી ઘટના બની છે. જેમાં તેમના ધ્વારા પ્રજ્વલિત કરવામાં આવેલ દીપકની જ્યોતમાં સુક્ષ્મ શરીર ધારણ કરેલ માર્ગદર્શક શક્તિ હિમાલયથી આવી પ્રગટ થઇ તથા તેમને તેમના ગુરુરૂપે પોતાની ઓળખ આપી. પરમ પૂજ્ય ગુરુદેવે સ્વયં લખ્યું છે, કે ''વહેલી સવારે ઉપાસના ચાલી રહી હતી, વસંતપંચમીના તહેવારનો દિવસ હતો. બ્રહ્મમુહુર્તમાં જ ઓરડાની અંદર સામે પ્રકાશપુંજના દર્શન થયા. આંખો ચોળી જોયું કે કોઇ ભ્રમ તો નથીને. ........... પ્રકાશની વચ્ચમાંથી એક યોગીનું સૂક્ષ્મ શરીર પ્રગટ થયું.

સૂક્ષ્મ એટલા માટે કે છબિ તો દેખાણી પરંતુ એ પ્રકાશપુંજ વચ્ચે અધર લટકેલો હતો આ કોણ છે? આશ્ચર્ય.... તેઓ બોલ્યા-''આ તમારો દિવ્ય જન્મ છે. તમારા પાછલા જન્મોની જેમ આ જન્મમાં પણ હું આપનો સહાયક રહીશ અને આ શરીરથી એ કરાવીશ, કે સમયની દૃષ્ટિએ જરૂરી છે. સૂક્ષ્મ શરીરધારી હોવા છતાં જે કામ હું કરી શકતો નથી-એ તમારી પાસે કરાવીશ.'' મેં એ જ દિવસે પ્રકાશપુંજ રૂપ દેવાત્માને સમર્પણ કરી દીધું અને એમને ન કેવળ માર્ગદર્શક રૂપે પરંતુ ભગવાન સમાન માની લીધા. આ સંબંધોને નિભાવતા લગભગ સાઠ વર્ષથી પણ વધુ સમય વહી ગયો. (ત્યારે સન્ ૧૯૮૫માં) કોઈપણ તર્ક, બુધ્ધિ લડાવ્યા વગર, કોઈપણ પ્રકારની આનાકાની કર્યા વગર, એમના ઈશારે, એક જ માર્ગ પર દોડતો રહ્યો છું. એમણે એ જ દિવસથી મારો સમગ્ર જીવનક્રમ કેવી રીતે ચાલવો જોઈએ, એની રૂપરેખા બતાવી. માત્ર બતાવી જ નહીં તેમણે જાતે જ હાથમાં લગામ પકડી ચલાવ્યો પણ, માત્ર ચલાવ્યો જ નહીં, દરેક પ્રયત્નને સફળ પણ બનાવ્યાં.

-મારૂં વિલ અને વારસો (પાના નંબર-૧૪-૧૮)

ઉપરોક્ત પ્રસંગ સદ્‌ગુરુની પ્રાપ્તિના સંદર્ભમાં બતાવવમાં આવ્યો છે, કે જેથી આપણે સૌ પ્રેરણા લઈ શકીએ. (ગીતાના બીજા અધ્યાયના આ પ્રસંગમાંથી) જે વ્યક્તિ બુધ્ધિ નહીં પરંતુ ભાવનાઓની સપાટી પર જીવે છે, એનું સંપૂર્ણ સમર્પણ હોય છે. એમાં આત્મિક વિકાસની અનંત સંભાવનાઓ હોય છે. આપણે સ્વયં પણ આપણાં ગુરુ પ્રત્યેના સમર્પણને, આ પરિસ્થિતિને સામે રાખી એને પારખવાનો પ્રયત્ન કરીએ. અર્જુન કહે છે,કે હું મારા હૃદય પર મગજ પર છવાયેલ મૂઢતાથી, કિંકર્તવ્યમૂઢતાથી, આ તણાવમાંથી મુક્તિ પ્રાપ્તિ કરવા શિષ્ય બની હું આપના શરણમાં આવવા ઈચ્છું છું. હવે અર્જુન ભગવાન શ્રીકૃષ્ણના હાથમાં સુકાન સોંપવામાં જ કલ્યાણ છે, એમ સમજી ગયો છે. આ કારણે આ શ્લોકમાં એનો શરણાગતિનો ભાવ તીવ્ર વેગે ઉપસી આવ્યો છે.

નરેન્દ્રનાથના જીવનમાં પણ બે વાર આવી ક્ષણો આવી, કે જ્યારે એમણે પોતાના ભાવી ગુરુને, પોતાના આરાધ્ય ઠાકુરને જોઈ લીધા, પરંતુ એમનો સદ્‌ગુરુરૂપે સ્વીકાર કરી શક્યા ન હતાં. એકવાર ત્યારે કે જ્યારે તેઓ રામચંદ્રના ઘર પર ઠાકુરના પ્રવચનના સમયે ગીત

ગાયું હતું અને એમના હાથ વડે મિઠાઈ પણ ખાધી હતી. બીજી વાર ત્યારે, કે જ્યારે પોતાના પ્રોફેસર હેરન્ટીના માધ્યમ દ્વારા એમની જાણકારી મળી તથા એમને જોઈને પણ આવ્યા. ત્યારે પણ એમને સાધારણ માનવી જ સમજ્યાં હતાં. આ એમને ત્યારે જ સમજમાં આવ્યું કે જ્યારે તેઓ ત્યાંથી ચાલ્યા ગયા ત્યારે ભગવાનના દર્શનની વ્યાકુળતાએ, વ્યગ્રતાએ એમને એટલા તો બેચેન કરી દીધા કે તેમનાથી ઘરે બેસી રહેવાયું નહીં. ત્યારે ત્યાં જઈ ભગવાન કેવો હોય છે તથા એને કેવી રીતે જોઈ શકાય પ્રશ્ન પૂછી જવાબ મળ્યા પછી. તેઓ એ ઓળખી ગયા હતા કે આ મારા ગુરુ છે. આ એમને એ દિવસે સમજમાં આવ્યું હતું. ભગવાનને એક સદ્‌ગુરુ રૂપે વરણ કરવા એ કોઈપણ વ્યક્તિના જીવનની એક ખૂબ મોટી અસાધારણ ઘટના છે. ગુરુને આપણે જ્ઞાની, સંત, વાલી( વડિલ), સંબંધી સમાજ સુધારક અથવા ચમત્કારી પુરુષ રૂપે માની બેસીએ છીએ, પરંતુ સદ્‌ગુરુનું ગુરુ રૂપે વરણ કરી એના શરણમાં જતા નથી. જે દિવસે એ બની જાય છે, એ દિવસથી ક્રાંતિનો શુભારંભ થઈ જાય છે. કહેવામાં આવ્યું છે કે -

**वंदे बोधमयं नित्यं गुरु शंकररूपिणम्।**

‘ગુરુ’ ભગવાન શંકરનું સ્વરૂપ છે, મહાકાળ છે. આપણે એ ગુરુરૂપી, શંકરરૂપી પરમ ચેતનાના કણકણ બની જઈએ. આત્મસંતાપની સ્થિતિમાં પહોંચવાથી આપણું કલ્યાણ નથી. આ વિશાળ દૃષ્ટિકોણથી આ શ્લોકનું વિવેચન સમજવું ખૂબ જ મહત્વનું છે, કે એમાં શિષ્ય બની બધુ જ પ્રાપ્ત કરી લેવાના સિધ્ધાંતો છુપાયેલા પડ્યા છે.

અર્જુન (૨/૭) કહી રહ્યો છે-

**यच्छ्रेयः स्यान्निश्चतं ब्रूहि तन्मे।**
**शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्॥ २/७॥**

અર્થાત્ ‘‘જે કોઈ પણ સાધન મારા માટે નિશ્ચિત કલ્યાણકારક હોય, એ મારા માટે બતાવો, કારણ કે હું આપનો શિષ્ય છું એટલા માટે આપના શરણે આવેલ છું, મને જ્ઞાન આપો.’’ ગીતાનો પાઠ કરવો સરળ છે, પરંતુ ગીતાના મર્મને સમજવો અને ગીતાને દૂધની જેમ (**सुधी भोंक्ता दुग्धं गीतामृतं महत्**) અમૃત માની પીવું, કણકણમાં સમાવેશ કરવો એ એથી પણ વધુ મુશ્કેલ કામ છે. અગર આપણે રજુ કરવામાં આવેલ આ

શ્લોકને સમજી પોતાનું આત્મ અવલોકન કરી શકીએ કે અમારો ઉમળકો, વ્યાકુળતા, અભિલાષા, પ્રાપ્ત કરવાની ઉત્કંઠામાં કોઈ ઉણપ તો આવી નથીને, અગર જો આવી ગઈ હોય તો આપણે એક શિષ્યના સંબંધે અદૃશ્ય સૂક્ષ્મ સ્વરૂપે કણકણમાં વિદ્યમાન ગુરુજી પાસેથી એ બધું જ પ્રાપ્ત કરી શકીશું, જે એક આદર્શ શિષ્યને મળવું જોઈએ. ''એકવીસમી સદી ઉજ્જવળ ભવિષ્ય'' એ આપણાં ગુરુજીનું શ્લોગન છે, અગર આપણાંને એની ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે, તો આપણે જરા જેટલું પણ દુઃખી ન થવું જોઈએ. પોતાની મહેનતમાં કોઈપણ પ્રકારની ત્રુટિ ન રહેવા દેતા એને લાવવા માટે આજે જ તત્પર બની જવું જોઈએ. પરમ પૂજ્ય ગુરુદેવે કહ્યું હતું કે જેઓ શાંતિકુંજમાં રહેનારા કાર્યકર્તા છે, અગર તેઓ સન્ ૨૦૦૦ સુધી મારી સાથે ગાડું ખેંચી ચાલતા રહેશે અને જે બહાર છે એઓ મારા વિચારો સાથે જોડાઈ રહી પ્રચાર-પ્રસાર કરતા રહેશે તો એમનું નિશ્ચિત કલ્યાણ થશે. સન્ ૧૯૬૭ની અખંડજ્યોતિનો તંત્રી લેખ તથા ૧૯૯૦માં આપવામાં આવેલ પ્રવચનોથી લઈને ૧૯૮૩થી ૮૪ની અખંડ જ્યોતિમાં આ આશ્વાસન વાંચી શકાય તેમ છે.

ગુરુ પ્રત્યે વેદના જાગે તો એ સ્તરની જાગે કે જે અર્જુનના હૃદયમાં ઉત્પન્ન થઈ, જે કબીરદાસમાં પેદા થઈ, જે નરેન્દ્રનાથ તથા મૂળશંકરમાં પેદા થઈ અને તેમને ક્રમબધ્ધ સ્વામી વિવેકાનંદ અને મહર્ષિ દયાનંદ બનાવી ગઈ. પરમ પૂજ્ય ગુરુદેવે ઠેરઠેર પોતાના ગુરુ પ્રત્યે આ વેદનાને ખુલ્લી કરી છે. એમના દ્વારા લખવામાં આવેલ એક જ વાક્યમાં સમર્પણનો ભાવ સમાયેલ છે. પોતાના પુસ્તક વીલ અને વારસામાં પૂજ્ય ગુરુદેવ લખે છે, કે ''શિષ્યનો જન્મ એટલા માટે થાય છે યુગધર્મની અનુરૂપ સોંપવામાં આવેલી જવાબદારીઓ નિભાવવા માટે. યુગધર્મને પોતાનું મહત્વ છે. એને સમયનો સાદ સમજી અન્ય જરૂરી કાર્યોને પણ છોડી એવી રીતે દોડી જવું જોઈએ, જેવી રીતે આગ લાગે ત્યારે પાણી લઈ દોડવું પડે છે.'' એક અત્યંત મહત્વના પ્રસંગ પર ભગવાન શ્રીકૃષ્ણ આ જ યુગધર્મની ચર્ચા કરી રહ્યા છે. શિષ્ય એક ડગ અગાળ વધે છે, તો ગુરુ દસ ડગ આગળ વધારી એને પોતાના ગળે લગાવી લે છે. આ રજૂ કરવામાં આવેલ પ્રસંગમાં સંપૂર્ણ ગીતાનો મર્મ છુપાયેલો પડ્યો છે.

# ગુરુ આપણાંને આત્મ ઉન્મુખ બનાવવા અરીસો દેખાડે છે

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનની અંદર એક અભીપ્સા પેદા કરી મોટી ક્રાંતિ કરી છે, ત્યારે તો એ યુધ્ધ ન કરવાની વાત કહીને પણ શિષ્યના ભાવથી એમના શરણમાં આવ્યો છે અને એ તત્વજ્ઞાન જાણવા માંગે છે, જે એની આત્મિક પ્રગતિ પણ કરી શકે અને યુગધર્મની સ્પષ્ટ વ્યાખ્યા પણ એને સમજાવી શકે. ગુરુએ, ભગવાને જ્યારે પણ શિષ્યની આવી સ્થિતિ જોઈ છે, એની અનુચિત્ત માનસિક સ્થિતિ જોઈ સારી એવી ધોલાઈ કરી છે. ભલે તે વિરજાનંદજી હોય, કે રામકૃષ્ણ પરમહંસ હોય અથવા શ્રીરામ શર્મા આચાર્યજી હોય. ગુરુનો ફટકાર પણ ભલા માટે હોય છે. ધોયા વગર રંગાઈ કેવી રીતે સંભવ બને. શિષ્યના પ્રારબ્ધને પણ એનાથી ઓછામાં કાપી શકાતું નથી. ક્યારેક ક્યારેક આપણે દુવિધામાં પડી જઈએ છીએ, કે અમોએ તો સમર્પણ કર્યું છે અને ગુરુજી અમોને ફટકાર લગાવી રહ્યા છે, ઝાડી રહ્યા છે. આ એક સ્વાભાવિક પ્રક્રિયા છે. આપણામાંથી ન જાણે કેટલાયે છે, કે જેમને આ ફટકાર સાંભળવાનું સૌભાગ્ય મળ્યું છે, અગર એ ન મળ્યું હોત, તો સંભવ છે, કે પૂર્વનો અહંકાર, પૂર્વાગ્રહ બધું જ યથાવત રહેત અને એ પ્રગતિ ન થઈ શકતી, જેણે આજે અહીં સુધી પહોંચાડ્યો છે. અગર એ પ્રગતિ થઈ જ નથી તો એનું કારણ સંભવ છે ત્યાં સુધી એજ છે, કે ગુરુના ફટકારને આપણે અંતઃકરણમાં પ્રવેશ કરવા ન દીધો. ખોટું લગાડ્યું અથવા આપણા જડતા સભર પૂર્વાગ્રહ આડે આવી ગયો. અર્જુન બીજા અધ્યાયના બીજા શ્લોકમાં **'कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम्'** ધ્વારા ભગવાન શ્રીકૃષ્ણનો ફટકાર સાંભળી ચૂક્યો હતો. કારણ કે હવે એ સમર્પણ કરી ચૂક્યો છે અને ગીતાનું એ તત્વજ્ઞાન જાણવાની અભિપ્સા (ઈચ્છા) પ્રગટ કરી રહ્યો છે, ભગવાન એને ગીતાનું તત્વજ્ઞાન સંભળાવે છે, જે આપણે સૌ શિષ્યો માટે છે. અનાદિકાળથી આ જ્ઞાન સૌનું માર્ગદર્શન કરતું રહ્યું છે અને આગળ પણ દુવિધામાં ફસાયેલી માનવજાતિનું ત્રાણ (રક્ષણ) કરતું રહેશે.

અવારનવાર નાના નાના અવરોધો, શારીરિક પીડા યા તણાવના કારણે, કૌટુંબિક મુશ્કેલીઓના કારણે આપણે શોકમાં ડૂબી જઈએ છીએ. ત્યારે સમજમાં આવતું નથી કે શું કરીએ? ત્યારે આપણાંને અગિયારમાં શ્લોક પછી સમજાવવામાં આવેલ ગીતા સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડે છે. શ્રી ભગવાન કહે છે-

**अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे।**
**गतासूनगतासूंश्च नानुशोचन्ति पंडिताः ॥ २/११ ॥**

અર્થાત્-''હે અર્જુન! તૂં જે શોક ન કરવા યોગ્ય મનુષ્યો માટે શોક કરી રહ્યો છે અને પંડિતો જેવા વચનો કહે છે, પરંતુ જેમનો જીવ ચાલ્યો ગયો છે, એમને માટે અને જેમનો જીવ ગયો નથી, એમને માટે પણ પંડિતો શોક કરતાં નથી.''

ભગવાન કહી રહ્યાં છે, કે તૂં તો પંડિત છે. અગાઉ તૂં પંડિતો જેવી, બુધ્ધિશાળી લોકો જેવી મોટી મોટી વાતો કહી ચુક્યો છે. આમ તૂં બોલે છે, તો જ્ઞાનીઓની ભાષા, પરંતુ તૂં તો છે સંપૂર્ણ અજ્ઞાની. જે ન વિચારવું જોઈએ એ વિચારે છે. બુધ્ધિનું માન રાખનાર બુધ્ધિમાન અર્થાત્ કહેવાતા પંડિતો તર્ક તો અનેક રજૂ કરે છે, પરંતુ વ્યાવહારિક ધરતી પર એ જ્ઞાનને લાગૂ પાડવાનો સમય આવે છે, ત્યારે ઢીલા પડી જાય છે. તર્ક, બુધ્ધિનો પ્રપંચ જ સમર્પણમાં આડે આવે છે. એટલા માટે ઠપકો આપી, ફટકાર લગાવી ભગવાન શ્રીકૃષ્ણ એના અહંકારને ગાળવાનો પ્રયત્ન કરે છે. કહે છે, કે જ્ઞાની જનોએ, કે જેઓ પ્રાણ છોડી ચાલ્યા ગયા છે અથવા જીવિત છે, એમને માટે ક્યારે પણ શોક ન કરવો જોઈએ. ભગવાન સદ્ગુરુ પણ છે, દીર્ઘદૃષ્ટા પણ છે, ઋષિ પણ છે અને અંતર્યામી પણ છે. એઓ કહી રહ્યા છે, કે તારા મનના અરમાન તો ઘણા ઉંચા છે. મોટી મોટી વિદ્વતાની વાતો કહે છે અને કહે છે, કે તૂં ભીખ માંગી નિભાવ કરી લઈશ, પરંતુ યુધ્ધ નહીં કરું. અર્જુન માટે ભીખ માંગવી સંભવ નથી, કારણ કે એ વૈરાગી નથી. સ્વભાવે તે એક લડવૈયો, એક યોધ્ધો છે.

ભિક્ષા માંગવી એક યોગી વૈરાગી માટે યોગ્ય છે, એ પણ ત્યારે, કે જ્યારે વૈરાગ્યથી સંપૂર્ણ રંગાઈ ગયો હોય. ભગવા વસ્ત્રો, કે જે ધારણ કરવામાં આવે છે, એ પ્રજ્વલિત અગ્નિની જ્વાળાઓનું પ્રતીક છે. એમાં

વિરજ હોમ કરવામાં આવે છે, ત્યારે જ સંન્યાસ ધર્મ અપનાવવામાં આવે છે. વૈરાગી, સંન્યાસી પોતાનું જ શ્રાદ્ધ તર્પણ કરે છે. પછી તે પોતાના કુળ તથા નામને ભૂલી જાય છે. કોઈ એક સમયે આ રીતે ભિક્ષા માંગવી જ્ઞાનની વાત માનવામાં આવતી હતી. ભગવાન બુધ્ધે આ પરંપરા નિભાવી હતી. પરંતુ પરમ પૂજ્ય ગુરુદેવે કહ્યું કે આજના યુગનો યુગધર્મ, આજનો નવો સંન્યાસ છે, એ છે પરિવ્રજ્યા, સમયદાન તથા અંશદાન. એના દ્વારા સમાજને પીડામાંથી, પરાભવમાંથી ઉગારવો અર્જુનના કથનના દૃષ્ટિકોણથી આ વાત ખૂબ જ સારી રીતે સમજી શકાય તેમ છે, કે પૂજ્ય ગુરુદેવના અભિયાન સાથે જોડાઈ યુગધર્મનો નિભાવ અને પરિવ્રાજક બની સમયની માંગનું પાલન કરી શકાય.

આપણે અહીં યોગેશ્વર શ્રીકૃષ્ણના પ્રહારના દૃષ્ટિકોણથી અર્જુનના તર્કો તથા એની પાંડિત્ય પૂર્ણ વાતોના સંબંધમાં ચર્ચા કરી રહ્યા હતા. ભગવાન કહે છે, કે તારે શોક ન કરવો જોઈએ. ન તો એવું છે, કે હું કોઈ કાળમાં ન હતો અથવા આ રાજાઓ ન હતા, કે જેમને માટે તૂં શોક કરી રહ્યો છે. ન તો એવું છે, કે આનાથી આગળ આપણે સૌ નહીં રહીએ (બારમો શ્લોક). એનાથી આગળ તેઓ કહે છે, કે આ શરીરમાં જીવાત્માની ત્રણ અવસ્થા હોય છે. બાલ્યાવસ્થા, યુવાન અવસ્થા અને વૃધ્ધાવસ્થા. એને એમ જ અન્ય શરીરની પ્રાપ્તિ થાય છે. એ વિષયના સંદર્ભમાં ધીર પુરુષ મોહિત થતો નથી અને શોક પણ કરતો નથી. (૧૩ મો શ્લોક)

ભગવાન શરીરથી પર જઈને સમજવાની વાત કહી પોતાના શિષ્યને આસક્તિથી મુક્ત કરવા ઈચ્છી રહ્યાં છે. દરેક ગુરુ પોતાના શિષ્યને બાલ્યાવસ્થાની યાદ અપાવી, જે ચાલ્યું ગયું છે એને ભૂલી હવે વર્તમાનને જોવાની તથા જીવન યાત્રાની સક્રિયતા જોવાની વાત સમજાવે છે. ગુરુ આપણાં પૂર્વ જન્મને પણ જાણતો હોય છે, આપણી બાલ્યાવસ્થાને પણ અને ભવિષ્યમાં શું બનવાનું છે એ પણ જાણતો હોય છે. એ વારંવાર આ વાત કહે છે, કારણ કે જ્યાં સુધી શિષ્યની આસક્તિના બંધન નહીં તૂટે, ત્યાં સુધી આધ્યાત્મના મર્મને જાણી ન શકાય.

પરમ પૂજ્ય ગુરુદેવ વારંવાર આપણા આસક્તિના બંધનો પર પ્રહાર કરતા હતા. જે કોઈ જીવનદાન આપી શાંતિકુંજ આવવાની વાત

કહેતો હતો, તેને તેઓ એ જ કહેતા હતા કે એક જ ઝટકાથી કૌટુંબિક સંબંધો તોડી શકો, તો જ આવો. નહીં તો રહેશો અહીં, મન ભટકશે કૌટુંબિક સંબંધો પાછળ. ન જાણે મારા કાકાનું, મારી માસીનું શું થઈ રહ્યું હશે. જ્યારે કોઈપણ કાર્યકર્તા કોઈ લગ્ન પ્રસંગે, કોઈની બિમારીના સમયે જવાનું કહે, તો ત્યારે પૂજ્ય ગુરુદેવ એજ કહેતા હતા કે ''તૂં પોતાની દાદીની, છોકરીની, માસીની છોકરીના લગ્નમાં શા માટે જઈ રહ્યો છે. હવે તૂં તો બાવાજી બની ગયો છે. તારી જવાબદારી ખૂબ મોટી છે. ભલે ને તૂં પોતાના ખર્ચે જઈ રહ્યો છે, તારા સમયની કિંમત તને ખબર નથી. તૂં અહીં જ રહે. લગ્ન પછી તારા સગાવ્હાલાને અહીં યુગતીર્થમાં આશીર્વાદ લેવા માટે બોલાવી લે. સૌ ધન્ય ધન્ય બની જશે. તારા પૈસા અને મિશનનો સમય બચી જશે. અગર તૂં અહીંના ખર્ચે લગ્નમાં જઈશ તો સમજી લે કે તૂં મારા પેટમાં ચાકુ મારીને જઈ રહ્યો છે. કોઈની બિમારીમાં જવું હોય તો બેટા હું પ્રાર્થના કરી દઈશ. શું તૂં કોઈ ડૉક્ટર છે, કે એને તૂં ઠીક કરી દઈશ. હવે તમે વ્યવહાર વગેરેની પ્રક્રિયાથી દૂર રહી ચાલો.'' અમોએ આ બધું અહીં સૌને યાદ અપાવવા લખ્યું છે, કે શારીરિક પ્રવાસ કરવા, લોકસેવકો માટે આસક્તિના બંધનો તોડી ચાલવાની વાત માર્ગદર્શન રૂપ છે. સમય સમય પર પરમ પૂજ્ય ગુરુદેવે આ જ વાત સૌની સમજાવી છે. અગર આપણે આજે પણ યુગગીતાના દૃષ્ટિકોણથી એમની વેદના સમજી શકીએ તો જ પોતાના આસક્તિના બંધનો તોડી પોતાને એક વિરાટ કુટુંબનું અંગ માની એ બધા પર પોતાની કૌટુંબિક ભાવના લાગૂ પાડી એમના કાર્યોનો નિભાવ કરી શકીએ. અગર શ્રીકૃષ્ણ તથા અર્જુનના આ સંવાદ દ્વારા આ વાસ્તવિકતા આપણા શાંતિકુંજના તથા દેશના કાર્યકર્તાઓની સમજમાં આવી જાય તો આ લેખ લખવો સાર્થક માનવામાં આવશે.

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનની આસક્તિના બંધનો પર પ્રહાર કર્યા પછી ચૌદમાં શ્લોકમાં એના શોક સંબંધી કથન પર પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરતાં કહે છે, કે ''હે કુંતી પુત્ર! શરદી, ગરમી અને સુખ દુઃખ આપનાર ઈદ્રિંયો અને વિષયોનો સંયોગ, ઉત્પત્તિ, વિનાશકારક અને અનિત્ય છે. એટલા માટે તૂં એને સહન કર.'' એના પહેલાં આઠમાં શ્લોકમાં અર્જુન કહી ચુક્યો હોય છે, કે ''મારી ઈન્દ્રિયોને સુકાવી દેનાર

શોકને દૂર કરી શકાય એવો ઉપાય મને બતાવો. ભગવાન શ્રીકૃષ્ણ અહીં કહી રહ્યા છે, કે એ તો ઉત્પન્ન થતો રહે છે અને નાશ પામતો રહે છે અને એને સહન કરવાની આદત પાડવી જોઈએ.'' તેઓ આગળ કહે છે, કે 'એવી વ્યક્તિને જેને આ સંયોગ વ્યાકુળ કરતો નથી, એજ મોક્ષને યોગ્ય હોય છે' (પંદરમો શ્લોક) આગળ તેઓ સત્તરમાં તથા અઢારમાં શ્લોકમાં કહે છે, કે 'હે અર્જુન! તૂં નાશ રહિત એને જાણ, કે જેનાથી સંપૂણ જગત વ્યાપ્ત છે. આ અવિનાશીનો વિનાશ કરવા માટે કોઈ સમર્થ નથી. આ નાશ રહિત, નિત્ય સ્વરૂપ નિરાકાર જીવાત્માના એ આ બધા શરીર નાશવંત કહેવામાં આવ્યા છે. એટલા માટે હે ભારતવંશી અર્જુન! તૂં યુધ્ધ કર.'

દર્શન પ્રધાન કેટલા મોટા પ્રસંગને અતિસંક્ષિપ્તમાં કહી યોગેશ્વર શ્રીકૃષ્ણ એને ફરી એજ પ્રવાહમાં લઈ જાય છે, કે આ શરીર નાશવાન છે, આત્મા જ એવો છે, કે જેનો નાશ કરી શકાતો નથી. જે દેખાય છે, એ બધું જ નાશવાન છે. ક્ષણભંગુર છે. જે અદૃશ્ય છે, એ અવિનાશી છે. જોતજોતામાં કેટલા લોકો મૃત્યુના મુખમાં સમાઈ ગયા. એ અવિનાશી તત્વને ઓળખ, જેનું નામ છે આત્મા, કે જે શરીરના નાશ પછી પણ અસ્તિત્વમાં રહે છે. તેઓ અગામી શ્લોકમાં આજ કહી રહ્યા છે અને આ સાંખ્યયોગના પ્રથમ ભાગ 'વિદેહી આત્માનું ભાન' ના સંબંધમાં સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે, જેથી એ પોતાનું કર્તવ્ય સમજી શકે અને પોતાની જાતને યુધ્ધમાં જોડી શકે.

**य एनं वेत्ति हन्तारं, यश्चैनं मन्यते हतम्।**
**उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते॥ २/१९॥**
**न जायते म्रियते वा कदाचि-**
**न्नायं भूत्वा भविता वा न भूयः।**
**अजो नित्यः शाश्वतोऽयं पुराणो-**
**न हन्यते हन्यमाने शरीरे॥ २/२०॥**

અર્થાત્ જેઓ આ આત્માને મૃત્યુ પામનાર સમજે છે તથા જેઓ એને મૃત પામેલ માને છે, એ બન્ને જાણતા નથી. કારણ કે આ આત્મા વાસ્તવમાં ન તો કોઈ મારી શકે છે અને ન તો કોઈના દ્વારા મારી શકાય છે. આ આત્મા કોઈપણ કાળમાં ન તો જન્મ લે છે અને ન તો મરે છે તથા

ન તો એ ઉત્પન્ન થઈ ફરી જન્મ લેનાર છે, કારણ કે એ અનાદિ, નિત્ય, સનાતન અને પુરાતન છે; શરીર મૃત્યુ પામ્યા પછી પણ એ મરતો નથી.

ઉપરોક્ત વિવેચન આત્માના વિભિન્ન ગુણોના વિવેચનની સાથે ત્રીસમાં શ્લોક સુધી કરવામાં આવ્યું છે. જેને ગીતાનો સાર માનવામાં આવે છે અને કોઈ સગાવ્હાલાના મૃત્યુ પછી શોકમાં ડુબેલી વ્યક્તિ માટે મનન કરવા તથા પાઠ કરવા યોગ્ય ભાગ આ જ છે, જે અગિયારમાં શ્લોકથી ત્રીસમાં શ્લોક સુધી ફેલાયેલો છે. ભગવાન શ્રીકૃષ્ણ વારંવાર અહેસાસ કરાવી રહ્યા છે, કે આ શરીર માટે દુઃખી ન થાવ આ સગાવ્હાલા પ્રત્યે, કે જે મૃત્યુ પામનાર છે, એનો મોહ ન રાખો. ગુરુ દરેક શિષ્યને આ જ દર્પણ દેખાડે છે. જેવા જ આપણે બુધ્ધિશાળીઓની ભાષા, પાંડિત્યપૂર્ણ વાણી ઉચ્ચારીએ છીએ. આ અહંકાર શા માટે, આ મોહ શા માટે, શું સમાપ્ત થઈ જનારી કાયા માટે, નશ્વર સંબંધો માટે. યોગેશ્વર શ્રીકૃષ્ણ પોતાના શિષ્ય અર્જુનને વારંવાર કહે છે, કે એ શાશ્વત સંબંધોને ઓળખે, અસ્થિર સંબંધોને ભૂલી જાય. શાશ્વત છે, માત્ર આત્મા તથા પરમાત્માનો, જીવ તથા બ્રહ્મનો, શિષ્ય તથા ગુરુનો સંબંધ તથા અસ્થિર અને નાશ પામતા રહેનારા સંબંધો છે. સગાસંબંધીઓ વાળા, ભાઈ, ભત્રીજા વાળા, કાકા મામા વાળા સંબંધો. આપણે જેને સગા માનીએ છીએ. ખરેખર તેઓ માત્ર આ જન્મના જ સાથી સંબંધી છે અને જન્મોજન્મના સાથીદાર સંબંધી એકમાત્ર ગુરુ છે. ગુરુ તથા શિષ્યના સંબંધો યુગો યુગો સુધી, અનંત કાળ સુધી ચાલે છે. જેમાં સાચી ભાવના છે, ઉદાર ભાવના છે, પ્રગાઢ પવિત્ર સંબંધ છે. એ એક માત્ર ગુરુશિષ્ય વચ્ચેનો સંબંધ છે. સાચો ગુરુ હંમેશા સાચા શિષ્યને શોધી લે છે અને સાચો શિષ્ય હંમેશા સાચા ગુરુને શોધી લે છે.

ભગવાન શ્રીકૃષ્ણ વારંવાર અર્જુનના મોહ પર પ્રહાર કરતા અગામી શ્લોકમાં પણ ફરી એ જ વાત પર ભાર મુકી કહે છેઃ-

**वासांसि जीर्णानि यथा विहाय**
**नवानि गृह्णाति नरोऽपराणि**
**तथा शरीराणि विहाय जीर्णा-**
**न्यन्यानि संयाति नवानि देही॥ २/२२॥**
**नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।**

**न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ २/२३ ॥**

અર્થાત્ જેમ મનુષ્ય જુના વસ્ત્રોનો ત્યાગ કરી નવા વસ્ત્રો ધારણ કરી લે છે, એવી જ રીતે જીવાત્મા જુના શરીરનો ત્યાગ કરી નવા શરીરને ધારણ કરી લે છે. આ આત્માને ન તો શસ્ત્રો કાપી શકે છે, ન તો અગ્નિ સળગાવી શકે છે, ન તો પાણી એને ભીંજવી શકે છે અને ન તો પવન એને સુકાવી શકે છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણ નિત્ય, સર્વવ્યાપી, અચળ, સ્થિર, સનાતન આત્માની વિશેષતાઓ સમજાવી રહ્યા છે. એને અગામી શ્લોકમાં વિકાર રહિત બતાવતાં કહે છે, કે આ રીતે આત્માને ઓળખી લેનારા અર્જુને કોઈપણ સ્થિતિમાં શોક કરવો જોઈએ નહીં, ન તો હતાશ થઈ યુગધર્મ તરફથી મોઢું ફેરવી લેવું જોઈએ. આ સમગ્ર પ્રસંગ વિદેહી આત્મ જ્ઞાનનો છે, જેનું તેઓ બરાબર ભાન કરાવી રહ્યા છે, જેથી એમનો શિષ્ય મોહ ગ્રસ્તતાની સ્થિતિમાંથી ઉગરી શકે. તેઓ કહે છે, કે જેણે જન્મ લીધો છે, એનું મૃત્યુ નિશ્ચિત છે અને મૃત્યુ પામેલાનો જન્મ પણ નિશ્ચિત છે, એટલા માટે વિના કોઈ વિકલ્પ યા કારણે શોક કરવો એ શોભા, આપતો નથી. (સતાવીસમો શ્લોક). આગળ તેઓ કહે છે, કે આ આત્મા સૌના શરીરમાં અવશ્ય હોય છે. (એનો વધ કરી શકાતો નથી-વધતો માત્ર શરીર રૂપી બાહ્ય આવરણનો થાય છે) એટલા માટે કોઈ પણ સ્થિતિમાં એણે શોક ન કરવો જોઈએ. તેઓ સીધા યુગધર્મનું વિવેચન કરી શરીર ધ્વારા સ્વધર્મ આચરણની વાત પર આવી જાય છે.

**स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि।**
**धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते॥ २/३१ ॥**

અર્થાત્ પોતાના ધર્મને જોઈને પણ તારે ભય પામવો જોઈએ નહીં, કારણ કે ક્ષત્રિય માટે ધર્મયુક્ત યુધ્ધથી વધી બીજું કોઈપણ કલ્યાણકારી કર્તવ્ય નથી.

આ શ્લોકના માધ્યમ ધ્વારા સાંખ્યયોગ રૂપી બીજા અધ્યાયના શિષ્યત્વની જાગૃતિબાદ શરીરથી પર એવા આત્માના ભાન સાથે સંકળાયેલ બીજું પ્રકરણ સમાપ્ત થઈ ત્રીજું આરંભ થઈ જાય છે. એ છે **શરીર ધ્વારા સ્વધર્મ આચરણની મીમાંસા પ્રધાન.** ભગવાન અર્જુનને કહે છે, કે તને આ શરીર એટલા માટે મળ્યું છે, કે તારે શરીરના માધ્યમથી

સ્વધર્મનો નિભાવ કેવી રીતે કરવો જોઈએ, એ તું સમજી શકે.પરમ પૂજ્ય ગુરુદેવ કહેતાં હતા કે આ શરીર આપણાંને એટલા માટે મળે છે, કે આ માધ્યમ ધ્વારા આત્મા અને ઈશ્વરીય પ્રકાશના કિરણો ફેલાય છે. એ આપણાંને એટલા માટે મળ્યું છે, કે આપણાં માધ્યમ ધ્વારા પરમાત્મા અવતરિત થઈ શકે, પરમાત્માનો વૈભવ પ્રગટ થઈ શકે. આપણું મન, આપણું શરીર, આપણો આત્મા, આપણો દેહ, આપણું કર્મ અને વિચારો એક ફૂવારો છે. માનવ શરીર ઈશ્વરની અદ્ભૂત રચના છે. ભાગવત્ ચેતના પર આરુઢ થઈ અગર આપણે આ શરીરથી કર્મ કરીશું, તો એ સ્વધર્મ આચરણ કર્તવ્ય પાલન કહેવામાં આવશે. પોતાના કર્તવ્યના પાલનથી મોટું બીજું કોઈ તપ નથી.

આ દૃષ્ટિકોણથી મહાભારતની એક કથા રજુ કરવી પ્રાસંગિક નિવડશે. જાજલ્ય નામના એક ઋષિ હતા, ચારે તરફ એમના તપની મહિમાના ગુણગાન ગવાતા હતા. એમણે પોતાના તપના બળથી અનેક અદ્ભુત સિધ્ધિઓ પ્રાપ્ત કરી હતી. તેઓ પોતાના ભીના ધોતિયાને હવામાં ફેંકતા તો તે તુરંત સુકાઈ જતું. જેના માટે કોઈ તાર કે દોરી બાંધવી પડતી ન હતી. એક દિવસ એમણે જોયું કે એ કાગડાએ એમની ઉપર વિષ્ઠા કરી. એમણે ક્રોધથી કાગડા સામે જોયું તો તુરંત સળગીને ભસ્મ થઈ ગયો. એમને પોતાની તપશ્ચર્યાના બળે મળેલ સિધ્ધિઓ પર ખૂબ ગર્વ હતો. આ ઘટના પછી તુરંત આકાશવાણી થઈ કે હે જાજલ્ય! જ્ઞાન અને તપ જાણવા ઈચ્છતો હોય તો અહંકાર ન કર, તું સુલભા પાસે જા, જે નજીક આવેલ ગામમાં જ રહે છે. સ્વભાવના ક્રોધી જાજલ્યઋષિ સુલભાના ઘરે પહોંચ્યા અને એને કહેવડાવ્યું કે મુનિ સ્વયં પગે ચાલીને સુલભાને મળવા આવ્યા છે. કામમાં હોવાથી સુલભા કહ્યું કે એ થોડીવાર પછી આવશે, કારણ કે એ બાળકોને ખવડાવી રહી છે, થોડીવાર રાહ જુએ. તો ઋષિને ગુસ્સો આવી ગયો. ધુઆં ફૂઆં થતા બોલી ઉઠ્યા કે તૂં જાણે છે કોણ આવ્યું છે. આખા રસ્તામાં લોકો મને જોઈ પ્રણામ કરે છે અને તૂં મને ઓળખીને પણ ઉપેક્ષા દેખાડી રહી છે. તો અંદરથી સુલભા બોલી-હું ધોતિયું નથી, કે આપના ઈશારાથી સુકાઈ જાઉં, ન તો હું કાગડો છું, જેને આપ સળગાવી ભસ્મ કરી દો. સમગ્ર રસ્તામાં લોકો ભલે આપને પ્રણામ કરતા રહ્યા હોય, પરંતુ હું જાણું છું કે આપ શું છો?

મુનિ આશ્ચર્ય પામી જઈ વિચારવા લાગ્યા કે એને અતીન્દ્રિય જ્ઞાન કેવી રીતે મળ્યું? કેવી રીતે મારી બાબતમાં આટલું બધુ જાણે છે. સુલભા બોલી-મુનિશ્રેષ્ઠ એમાં આશ્ચર્ય ન કરો, આ શરીર દ્વારા સ્વધર્મના આચરણનું તપ છે, જેણે મને આ સિધ્ધિ આપી છે. અગર વધુ જાણવું હોય તો તુલાધાર વૈશ્યની પાસે જાવ.

તુલાધાર વૈશ્ય દુકાન પર આવેલ ગ્રાહકોને ચીજવસ્તુઓ આપી રહ્યો હતો. ઋષિ બોલ્યા-મને સુલભાએ મોકલ્યો છે.

-પહેલાં મારી વાત સાંભળો, તો તુલાધારે જવાબ આપ્યો કે પહેલાં હું ગ્રાહકોને ચીજવસ્તુઓ આપી લઉં, પછી આપની વાત સાંભળીશ. તો ઋષિને તુરંત ક્રોધ વ્યાપી ગયો. જે તૂલાધાર પણ તુરંત બોલી ઉઠ્યો કે હું કાગડો નથી, ન તો હું ધોતિયું છું, ક્રોધ ન કરો, ધીરજ રાખો. જાજલ્યઋષિ આશ્ચર્યચકિત થઈ વિચારવા લાગ્યા કે આ વ્યાપારીને સિધ્ધિ કેવી રીતે મળી. એ બોલી ઉઠ્યો. ન હું નફાખોર છું, ન હું વ્યાજખોર છું, ઈમાનદારી પૂર્વક ચીજવસ્તુઓ તોલું છું અને પોતાના ધર્મનું સાચું આચરણ કરી ચીજવસ્તુઓ વેચું છું. જાજલ્યઋષિને આગળ આવા અનેક અનુભવો થયા, જેણે એમને એ સમજાવ્યું કે -ધર્મનું પાલન જ સૌથી મોટું તપ છે. એમણે પોતાના તપ તથા સિધ્ધિ પર આ રીતનો ગર્વ ન કરવો જોઈએ, કારણ કે એ ક્ષણિક હોય છે અને ક્રોધ આવતા સમાપ્ત થઈ જાય છે. જનક વગેરે જ્ઞાની પણ આ શરીર દ્વારા સ્વધર્મ આચરણથી યોગી, વિદેહી બની ગયા. જાજલ્યમુનિને પણ આ તત્વજ્ઞાન એના જ માધ્યમ ધ્વારા મળ્યું.

અહીં ભગવાન પણ વારંવાર આ જ સત્ય પોતાના શિષ્ય અર્જુનને સમજાવી રહ્યાં છે અને કહી રહ્યાં છે, કે આ યુધ્ધ કે જેને તૂં લડવા ઉભો થયો છે, એ ભાગ્યશાળીઓને આપોઆપ પ્રાપ્ત થયેલ અને ખુલેલા સ્વર્ગના દ્વાર રૂપે જ મળી શકે છે. અગર તે આ કર્તવ્યનું પાલન અને પોતાના શરીર દ્વારા સ્વધર્મનું આચરણ નહીં કરે તથા આ ધર્મયુક્ત યુધ્ધમાં નહીં લડે તો સ્વધર્મ અને કીર્તિ ગુમાવી પાપનો ભાગીદાર બનીશ. સૌ લોકો અનેક દિવસો સુધી તારી અપકીર્તિ ગાશે અને સન્માનીય વ્યક્તિ માટે આ અપકીર્તિ મૃત્યુથી પણ વધારે છે.(શ્લોક-૩૨,૩૩,૩૪)

પરમપૂજય ગુરુદેવ પણ આપણાંને યુગસંધિ કાળ માટે સાધના

કરવાનું બતાવી ગયા. **એમણે મહાપુરશ્ચરણમાં ભાગીદારી, લોકકલ્યાણમાં જ પોતાનું કલ્યાણ સમાયેલું છે. એવું માનતા જ્ઞાનયજ્ઞમાં લાગી રહેવાને જ સૌથી મોટું તપ બતાવ્યું છે. લોકોને સદ્‌બુધ્ધિના શરણમાં લાવવાનું, ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ દેખાડવો, આ જ સૌથી મોટું આજનું ધર્મકર્તવ્ય છે.** પૂજ્ય ગુરુદેવે ગાયત્રી પરિવારને આ બતાવી દિશા ચિંધી. ગુરુજી એ વાત વારંવાર સમજાવી ચાલ્યા ગયા કે આ તપમાં, સાધનામાં સુખ પણ છોડવું પડે, મુશ્કેલીઓ પણ વેઠવી પડે, પરંતુ સેવા સાધના રૂપી આ તપની આજના દૃષ્ટિકોણમાંથી ખૂબ મોટી ભૂમિકા છે, એમણે કહ્યું કે મહાભારતના યુધ્ધથી દૂર ભાગવાની જેમ, આ તપ સાધનાથી દૂર થવું તમોગુણી બનવા સમાન છે.